# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-06-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના : મોદી

**ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અંતિમ વિધિ રાજકોટ ખાતે થશે. સ્વર્ગસ્થ રૂપાણીનો પુત્ર ઋષભ આવતી કાલે સવારે 4 વાગ્યે સ્વદેશ પરત ફરે ત્યારબાદ તેમનાં DNA મેચ થયા બાદ સમગ્ર પરિવાર રાજકોટ આવશે.**

**અમદાવાદમાં વિમાન દુર્ઘટના બાદ ઈજાગ્રસ્ત થયેલા લોકોની સિવિલ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, ઈજાગ્રસ્તોમાંથી મોટા ભાગના લોકો જોખમથી બહાર છે. અત્યાર સુધી 220ના D.N.A. પરીક્ષણ અને 270 જેટલા મૃતદેહના પૉસ્ટમોર્ટમની કામગીરી પૂર્ણ કરાઇ છે જેમાંથી છના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. રવિવાર સાંજ સુધીમાં તમામ મૃતદેહને સોંપવામાં આવશે. સંબંધિ તમામને આ અંગે ફોનથી જાણ કરાશે અને રવિવાર સાંજ સુધીમાં તમામ મૃતદેહોના ડીએનએ ટેસ્ટ પૂરા કરી દેવાશે.**

**-----------------------------------------------------------------------------------------**

## અકસ્માત ફોરેન્સીક તપાસ

**એર ઇન્ડિયાના બોઇંગ 787 ના અકસ્માતની ફોરેન્સીક નિષ્ણાતો દ્વારા તપાસ હાથ ધરાશે. ગઇકાલે અકસ્માત સ્થળ પરથી મળી આવેલા કાટમાળના નમૂનાઓના આધારે નિષ્ણાતો દ્વારા સ્થળ તપાસ કરીને વિગતવાર અહેવાલ આપવામાં આવશે.**

**-----------------------------------------------------------------------------------------**

## વિમાન અકસ્માત : કચ્છના 5 હતભાગી

ગઇકાલે અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં કચ્છની પટેલ ચવીસીના પાંચ હતભાગીઓના મોત થયા છે. કોડકી ગામના એક જ પરિવારના ત્રણ સભ્યો ઉપરાંત દહીંસરા અને માધાપરના એક એક યુવાનનો દુર્ઘટનામાં ભોગ લેવાયો હતો. આ ઉપરાંત દુર્ઘટનામાં ગાંધીધામ સાથે નાતો ધરાવતા નંદા પરિવારના ત્રણ સભ્યોના મોત થયા છે. કાર્ગો મોટર્સ જૂથનો ગાંધીધામમાં પાયો નાખનારા કાર્ગો મોટર્સ ગ્રુપના સંસ્થાપક પરિવારના અને જાણીતા ઉદ્યોગપતિ પ્રમુખ નંદા, તેમના પત્ની અને પુત્રનું અવસાન થયું છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છમાં કોરોના

કચ્છમાં કોરોનાના કેસો વધતા લોકોમાં ચિંતા ફેલાઇ છે ત્યારે આજે જિલ્લામાં કોરોનાના વધુ 4 કેસ પોઝિટિવ આવ્યા છે. જિલ્લાના આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત વિગતો મુજબ આજે નોંધાયેલા ચાર કેસ પૈકી ભુજમાં 39 અને 29 વર્ષની બે મહિલા અને 30 વર્ષનો યુવાન તથા મુન્દ્રા તાલુકામાં 37 વર્ષનો યુવાન કોરોના સંક્રમિત થયો છે. આ તમામ વ્યક્તિ હોમઆઈસોલેશનમાં રખાઇ છે. હજુ સુધી એક પણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી નથી, તેમ છતાં કોઈ વ્યક્તિને કોરોનાનાં લક્ષણ દેખાય તો સ્વયં હોમક્વોરેન્ટાઈન થઈ જવા આરોગ્ય વિભાગે સલાહ આપી છે

---------------------------------------------------------------------------------------

## કૃષિ સંકલ્પ કૃષિ રથ - કડુલી

મુંદરા તાલુકાના કણઝરા ગામથી શરૂ થયેલા વિકસિત કૃષિ સંકલ્પ કૃષિ રથ અભિયાનનું લખપત તાલુકાનાં ઘડુલી ગામે વિશાળ ખેડૂત સંમેલન સાથે સમાપન કરવામાં આવ્યું હતું. કુલ 15 દિવસમાં કૃષિ વૈજ્ઞાનિકોની ટીમે પાંચ તાલુકા મુંદરા, માંડવી, ગાંધીધામ, નલિયા અને લખપત તાલુકામાં બહોળી સંખ્યામાં ખેડૂતો સાથે સંપર્ક અને સંવાદ કર્યો હતો. છેલ્લા પંદર દિવસથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુંદરાના વૈજ્ઞાનિકોની ટીમ તેમજ જિલ્લાના વિવિધ કૃષિ વિભાગના અધિકારીઓની ટીમ કૃષિ રથ સાથે દરરોજ ગામડે-ગામડે ખેડૂતો સાથે ખરીફ ઋતુના પાકોની વાવણી અંગે સંવાદ કરી રહી હતી.

---

## ગાંધીધામ-દબાણ હટાવ ઝુંબેશ

ગાંધીધામ અને આદિપુરને જોડતા ટાગોર રોડ પર વહીવટી તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સવારથી બપોર સુધીમાં 50થી 60 જેટલા હંગામી દબાણો દૂર કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. માર્ગ અને મકાન વિભાગ દ્વારા 250થી વધુ દબાણકર્તાઓને અગાઉથી નોટિસ આપવામાં આવી હતી. નોટિસનો સમયગાળો પૂરો થયા બાદ કામગીરી શરૂ કરવામાં આવી છે.

---

## ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસ

રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં આવતીકાલથી એક એસી-2 ટાયર, એક એસી-૩ ટાયર, બે એસી-૩ ટાયર ઇકોનોમી અને બે સ્લીપર ક્લાસ સહિત કુલ 6 કોચ ઉમેરવામાં આવશે.

---

## રાપર : કર્મચારીઓને ચૂંટણી તાલીમ

ગ્રામ પંચાયતની ચૂંટણીને લઇને તંત્ર સજ્જ બન્યું છે. રાપર નગરપાલિકાના ટાઉન હોલ ખાતે તાલીમ શિબિરનુ આયોજન કરાયૂ હતું. રાપર તાલુકામાં 24 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી અને 3 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં કુલ 400 કર્મચારીઓ ફરજ બજાવશે જેથી કર્મચારીઓને મતદાન પ્રક્રિયા અને નિયમોની વિસ્તૃત તાલીમ આપવામાં આવી.

---

## દયાપરના તળાવનું સુધારણા કામ

**લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે ઐતિહાસિક બાંયાસર તળાવની સુંદરતા વધારવા માટે દરખાસ્ત મોકલાઇ હતી, જેમાં 25 લાખ મંજૂર થતાં ટૂંક સમયમાં તળાવ સુધારણાનું કામ હાથ ધરાશે. 25 લાખમાં તળાવનું ખાણેત્રું, બાવળ કટિંગ, પાળ સુધારણાનું કામ થશે.**

---